વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં.૬/૨ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

ફોન નં. : ૦૭૯-૨૩૨૫૭૮૧૪,
ફેકસ નં.: ૦૭૯-૨૩૨૫૧૩૬૨

નં.સીઓટી/કોન્ટ્રાકટકેરેજ/ગાઈડલાઈન/amd /3427
તારીખ: 2 JUL 2020

પ્રતિ,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
સહા.પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ

વિષય: કોવિડ-૧૯ અંતર્ગત કરવાના થતાં કોન્ટ્રાકટ કેરેજ બસોના સંચાલન તથા તે અંગે લેવાના થતા સાવચેતીના પગલા અંગેની ગાઈડલાઈન.

સંદર્ભ:૧. ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના જાહેરનામા ક્રમાંક: જીજે/૨૮/૨૦૨૦/ વી-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૩૦.૦૫.૨૦૨૦

૨. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો પરિપત્ર ક્રમાંક:ગુ.રા.મા/ પરિ/ઓપ-જન/સંચાલન/૩૨૯,તા.૩૧.૦૫.૨૦૨૦.

૩. ભારત સરકારશ્રીના Home Secretary, Government of India New Delhi,D.O.NO.40- 10/2020-DM-I(A),Dt.12.06.2020

૪. ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના જાહેરનામા ક્રમાંક:વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨, (પા.ફા.-૧૮)તા.૨૪.૦૬.૨૦૨૦

૫. અત્રેનો પરિપત્ર નં.સીઓટી/કોન્ટ્રાકટ કેરેજ/ગાઈડલાઈન/૨૭૮૧, તા.૦૫.૦૬.૨૦૨૦

ભારત સરકારના ગૃહ સચિવશ્રીના ઉકત સંદર્ભ.૩ની તા.૧૨.૦૬.૨૦૨૦ના હુકમ અન્વયે ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, સચિવાલયના ઉકત સંદર્ભ-૪થી નીચે મુજબની સૂચનાનુ પાલન કરવા જણાવવામાં આવેલ છે.

"૨. કેન્દ્રીય ગૃહ સચિવશ્રીના તા.૧૨.૦૬.૨૦૨૦ના પત્રથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે રાત્રિના ૯:૦૦ થી સવારના ૫.૦૦ કલાક દરમિયાન વ્યકિતઓની અવરજવર પર પ્રતિબંધ મુકવાનો હેતુ લોકો મોટા પ્રમાણમાં એકત્ર ન થાય અને સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તે છે. આ પ્રતિબંધ ગુડ્ઝ ટ્રકો/ વાહનો કે પેસેન્જરની અવરજવર કરતી બસોને તેમજ બસ, ફલાઈટ, ટ્રેનની મુસાફરી કરીને આવેલ વ્યક્તિઓને લાગુ પડતો નથી.

૩. જેથી આ પ્રકારના વાહનો તેમજ મુસાફરોની અવરજવર રોકવામાં ન આવે તે બાબતે જરૂરી કાર્યવાહી કરવા સંબંધીતોને સૂચના આપવા તથા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે."

આમ, કોવિડ-૧૯ અંતર્ગત કરવાના થતા કોન્ટ્રાકટ કેરેજ બસોના સંચાલન તથા તે અંગે લેવાના થતા સાવચેતીના પગલાં અને ગાઈડલાઈન બાબતે અત્રેના સંદર્ભ.૫ના પરિપત્રના મુદ્દા.નં.૧૯માં સંદર્ભ.૩ અને સંદર્ભ-૪ની સૂચના ધ્યાને લઈ નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

<u>મુદ્દા.નં.૧૯</u>

"સામાન્ય રીતે આયોજીત ટ્રીપોનુ સંચાલન સવારના ૭:૦૦ કલાકથી શરૂ કરી રાત્રિના ૨૦.૦૦ કલાક સુધી પૂર્ણ થાય તે રીતે સંચાલન કરવાનું રહેશે. રાત્રિના મુસાફરી કરવાના સંજોગો ઊભા થાય ત્યારે તે મુસાફરી રાત્રિના ૯:૦૦ પહેલા શરૂ થઈ જાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ સમયગાળા દરમ્યાન કર્ફયુનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. બસ ઓપરેટર GPS/GPRS લગાવે તે ઈચ્છનીય છે."

આમ, આ ગાઈડલાઈન અનુસાર રાત્રિના ૯:૦૦ થી સવારના ૫:૦૦ કલાકના સમય દરમિયાન કોન્ટ્રાકટ કેરેજ બસોનુ પરિવહન શઈ શકશે.

ઉકત સૂચનાનુ ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશનરશ્રીની મંજૂરી મુજબ

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,
ગુજરાત રાજય,ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી,(કૃષિ, ગ્રા.વિ અને વા.વ્ય) વાહન વ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, (રાજયકક્ષા), વાહન વ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧,
- નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગતસચિવશ્રી, અધિકમુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અંગતસચિવશ્રી, અગ્રસચિવશ્રી, વાહન વ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ,
- નવા સચિવાલય, ગાંધીનગર.
- પોલિસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલિસ અધિકારીશ્રી, પોલિસભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના;-</u>

- તમામ પોલિસ કમિશનરશ્રીઓ.
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
- તમામ પોલિસ અધિકારીશ્રીઓ
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, બ્લોક નં.-૧૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  આ બાબતની બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- પ્રમુખશ્રી, અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મહામંડળ, ૩૧૨, ONYX-2, નવચેતન હાઈસ્કૂલ પાસે, પાલડી ક્રોસ રોડ, પાલડી, અમદાવાદ – આપના તમામ સભ્યોને ઉકત ગાઈડલાઈનની જાણકારી તથા તેનો અમલ કરવાની સૂચના આપવા વિનંતી સહ.